# ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર

## જી. આણંદ - 388120

**ચારૂતર વિદ્યામંડળ સંચાલિત બિનસરકારી અનુદાનિત કોલેજ – બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય- વલ્લભ વિદ્યાનગર: www.bjvm.ac.in માં આચાર્યના હોદ્દા અંતર્ગત અરજી કરતા ઉમેદવારોએ અરજી કરતી વખતે કાળજીપૂર્વક ધ્યાનમાં રાખવાની બાબતો.**

1. દરેક ઉમેદવારને ગુજરાતી, અંગ્રેજી તેમજ હિન્દી - એમ ત્રણેય ભાષાનું જ્ઞાન હોવું જરૂરી છે.
2. સ્વનિર્ભર સંસ્થામાં સેવા બજાવતા ઉમેદવારોએ તેમની પસંદગી પ્રક્રિયા તથા તેમના સેવાકાળ દરમ્યાનના તમામ તબક્કાઓ (જેમ કે એસોસિયેટ પ્રોફેસર / પ્રોફેસર), પગાર ધોરણ, કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ અને ૩૭,૪૦૦ – ૯૦,૦૦૦ ના ગ્રેડનો સમયગાળો દર્શાવવો પડશે તથા હાલના પગાર ધોરણ (સાતમુ પગાર પંચ) યુજીસીના નિયમો અનુસાર મળતું હોવું જોઈએ જેનું અધિકૃત પ્રમાણ આપવું પડશે તેની નોંધ સેવા પુસ્તિકામાં થયેલી હોવી જોઈએ.
3. જો ઉમેદવારે Ph.D. રાજ્ય સ્વનિર્ભર/ રાજ્ય બહાર સ્વનિર્ભર તથા અન્ય યુનિવર્સિટીમાંથી કર્યું હોય, તો તેની માન્યતાના આધાર પુરાવા રજૂ કરવાના રહેશે.
4. ઉમેદવારનો વિષય જે તે કોલેજમાં ચાલતા મુખ્ય વિષયોમાંનો હોવો જોઈએ.
5. અરજી www.ecvm.net તથા ઉપરોક્ત સંસ્થાની વેબસાઈટમાં દર્શાવેલ નિર્ધારિત પત્રકમાં જ કરવાની રહેશે.
6. અરજી સાથેના તમામ બિડાણો યોગ્ય ક્રમમાં જોડેલા હોવા જોઈએ. અધૂરી અરજી તથા અધૂરા બિડાણ ધરાવતી અરજીઓ ગેરલાયક ઠેરવાશે.
7. તમામ દસ્તાવેજી આધાર સ્વપ્રમાણિત (Self-attested) હોવા જોઈએ.
8. અરજી સાથે હાલમાં જે સંસ્થામાં ઉમેદવાર કાર્યરત હોય તે સંસ્થાનું “ના વાંધા પ્રમાણપત્ર” (NOC) અરજી સાથે ફરજિયાત જોડવાનું રહેશે.
9. અંતિમ તારીખ પછી મળેલી અરજીઓ માન્ય ગણવામાં આવશે નહીં.
10. અરજીના કવર ઉપર જે કોલેજના આચાર્ય પદ માટે અરજી કરેલી હોય તે કોલેજનું નામ અચૂક લખવું.
11. અરજી માનદ મંત્રીશ્રી, ચારૂતર વિદ્યામંડળ, પો.બો. નં. ૨૨, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦ જિ. આણંદ, ગુજરાત ને રજીસ્ટર્ડ ટપાલ (RPAD)થી મોકલવાની રહેશે.